<u>**સિધ્ધપુર ના મે. એડી.ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમા,મુ.સિધ્ધપુર.**</u>

ફોજદારી કેસ નં. ૨૨૮/૨૦૨૬
આંક:-

ફરીયાદી :- શ્રી સરકાર

-:: <u>વિરુધ્ધ</u> :: -

આરોપી :- વિક્રાંત નગીનભાઇ મકવાણા

**ગુનો :-** <u>**એમ.વી.એકટની કલમ-૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી ૬૬ (૧)બી મુજબ.**</u>

**-:: <u>ઠ રા વ</u> ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગત એવી છે કે,આ કામના આરોપીએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દારૂ પીધેલી હાલતમાં લાયસન્સ તેમજ વાહનના સાધનિક કાગળો વગર જાહેર રોડ ઉપર પોતાનુ વાહન ચલાવી પકડાઈ જઈ શિક્ષાપાત્ર ગુનો કરેલ તે અંગેનું ચાર્જશીટ પોલીસ તપાસના અંતે અત્રેની અદાલતમા રજુ કરેલ છે.

(૨) આરોપી આજ રોજ લોક અદાલતમાં હાજર રહેતા અને તેની સામેના ગુનાની કબુલાત કરતીથી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી, સમજાવી આરોપીનુ પ્રાથમીક નિવેદન લેતા તેમાં પણ આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.

(૩) આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત તેમજ ગુનાની ગંભીરતાને અને સંજોગોને ધ્યાને લેતા આરોપી ગરીબ વર્ગના ઈસમ છે તેમજ તેમનો પ્રથમ ગુનો છે તેમજ તેમનો ગુનો કબુલ મંજુર છે.તે સંજોગોમા આરોપીને હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

<u>**-:: હુ ક મ::-**</u>

આ કામના આરોપીને તેની સામેના એમ.વી.એકટની કલમ-૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી કલમ ૬૬(૧)(બી) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રુા. ૩૦૦/- અંકે રૂપિયા ત્રણસોનો દંડ અને દંડ ના ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

આરોપીના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સિધ્ધપુર.

(નિતિનચંદ્ર નવિનચંદ્ર દવે)
કોડ નં.જીજે ૦૧૦૬૯
એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર.